"દિવ્યાંગ મિત્ર" યોજના બંધ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.૧૦/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૨/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.૧૦/છ-૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.-૧૦/છ-૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૨/ ૩૨૫૦/ન.બા-૦૭/છ.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૯/૦૧/૨૦૨૩નો પત્ર નં.pwd/દિવ્યાંગ મિત્ર યોજના/૨૨-૨૩.

<u>આમુખ-</u>

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના તા. ૧૮/૦૪/૨૦૧૬ના ઠરાવથી નવી બાબત દિવ્યાંગ મિત્ર યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરના તા.૦૯/૦૫/૨૦૧૬ના ઠરાવ મુજબ લાભાર્થીદીઠ રૂ.૧૦૦/- મહેનતાણું ચુકવવામાં આવતું હતું.

વંચાણે લીધેલ ક્રમાંક(૩) ઉપરના તા.૨૨/૦૪/૨૦૨૨ના ઠરાવથી રાજ્યના ૨૦૯ તાલુકામાં સમાજ સુરક્ષા સહાયકની ઓઉટસોર્સ એજન્સી મારફતે જગ્યાઓનું મહેકમ મંજુર કરવા માટે રૂ.૧,૭૫,૫૬,૦૦૦/- નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી મળેલ હતી.

દિવ્યાંગ મિત્ર યોજના હેઠળ મળતું વેતન નજીવું હોય કોઇપણ વ્યક્તિ દિવ્યાંગ મિત્ર તરીકે કામ કરવા તૈયાર થતું નથી, જેથી આ યોજનાનો અસરકારક અમલ કરી શકાતો નથી. આથી જ દિવ્યાંગ મિત્ર યોજના હેઠળ ત્રણ વર્ષમાં ખર્ચ નીલ થયેલ છે, અને હાલમાં આ કામગીરી નવા મંજુર થયેલ સમાજ સુરક્ષા સહાયક દ્વારા કરવાની થતી હોય અને આ બંન્નેનો હેતુ એક સમાન હોઇ સરકારમાં સદર નાણાકીય બોજ પણ એક જ પ્રકારની કામગીરીમાં બે વખત કરવો યોગ્ય ન હોઇ, આ યોજના બંધ કરવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વંચાણે લીધેલ ક્રમાંક(૪) ઉપરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગ મિત્ર યોજના બંધ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૩ની તથા સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી,વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Date: 2023.02.10
10:59:51 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign